C.C.NO.5363/2025

**આંક–૧ લગત હુકમ**

**૧.** હાલના કામના આરોપી **અરબાજ જમાલભાઈ સામદ, રહે.મોટા ઘાંચીવાડા જુના વણકરવાસ, દાહોદ, તા.જી.દાહોદ**નાઓ વિરૂઘ્ધ બિ.એન.એસ. કલમ–૨૮૫ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ઘ્વારા હાલનુ ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**૨.** આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપીએ સ્વેચ્છાએ કબુલાત આપવાનું કહેતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી. આજરોજ આરોપીની **આંક– ૩થી પ્લી** રેકર્ડ કરવામાં આવેલ છે.

**૩.** **આંક–૪ થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી** જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

આમ, હાલના કેસમાં કોર્ટ ઘ્વારા ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯ ગુજરાત સ્ટેટ વિરૂઘ્ધ નટવરસિહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ઘ્યાને લઈ તથા આરોપીના સંજોગો ઘ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

આ કામના આરોપી **અરબાજ જમાલભાઈ સામદ, રહે.મોટા ઘાંચીવાડા જુના વણકરવાસ, દાહોદ, તા.જી.દાહોદ**નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૫ તળે બિ.એન.એસ. કલમ–૨૮૫ ના ભંગ બદલ તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ કરવામા આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તા.૧૩મી, માહે:ડિસેમ્બર, સને:૨૦૨૫ના રોજ મારી સહી કરી જાહેર કર્યો

તા.૧૩/૧૨/૨૦૨૫
દાહોદ.

(ડબલ્યુ. આર. મલીક)
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
દાહોદ.જીજે૦૧૧૪૪